દાખલ તારીખ	૦૬/૦૨/૨૦૧૨		
રજીસ્ટરે લીધા તારીખ	૦૬/૦૨/૨૦૧૨		
ફેંસલ તારીખ	૧૩/૦૫/૨૦૨૨		
સમય ગાળો	વર્ષ	માસ	દિવસ
	૧૦	૦૩	૦૭

આંકઃ ૨૯.

અમદાવાદના પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં,
અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર.

(મુખ્ય) એલ.એ.આર.કેસ નંબરઃ ૧૮૫/૨૦૧૨.

(ગ્રુપ એલ.એ.આર. નંબરઃ ૧૮૨/૨૦૧૨, ૧૮૩/૨૦૧૨, ૧૮૪/૨૦૧૨, ૧૮૫/૨૦૧૨, ૧૮૬/૨૦૧૨, ૧૮૭/૨૦૧૨, ૧૮૮/૨૦૧૨, ૧૮૯/૨૦૧૨, ૧૯૦/૨૦૧૨, ૧૯૧/૨૦૧૨, ૧૯૨/૨૦૧૨,૧૯૩/૨૦૧૨,૧૯૪/૨૦૧૨,૧૯૫/૨૦૧૨, ૧૯૬/૨૦૧૨,૧૯૭/૨૦૧૨,૧૯૮/૨૦૧૨,૧૯૯/૨૦૧૨, ૨૦૦/૨૦૧૨,)

<u>એલ.એ.આર. નંબરઃ ૧૮૨/૨૦૧૨.</u>

<u>અરજદારઃ</u>		મહેશભાઇ મોહનભાઇ પટેલ, રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઇ, જી.અમદાવાદ.

<u>એલ.એ.આર. નંબરઃ ૧૮૩/૨૦૧૨.</u>

<u>અરજદારોઃ</u>	૧.૦	મર્હુમ પોપટલાલ આત્મારામ પટેલના વારસદારો,
	૧/૧	કાશીબેન પોપટલાલ,
	૧/૨	મહેશભાઇ પોપટલાલ,
	૧/૩	આનંદીબેન પોપટલાલ,
	૧/૪	ગીતાબેન પોપટલાલ,
		તમામ રહે.વસ્ત્રાલ, તા.વટવા, જી.અમદાવાદ. ***(મુળ અરજદાર-પોપટલાલ આત્મારામ પટેલ ચાલુ કામે મરણ જતાં આંક-૧૫ ની અરજી તળેના હુકમ મુજબ અરજદારના વારસો અંગે ઉપરોક્ત સુધારો કરેલ છે.)***

એલ.એ.આર. નંબરઃ ૧૮૪/૨૦૧૨.

અરજદારઃ		બાબુભાઇ કાંતીભાઇ પટેલ, રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઇ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૧૮૫/૨૦૧૨.

અરજદારઃ		પ્રવિણભાઇ ડાહ્યાભાઇ પારેખ, રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઇ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૧૮૬/૨૦૧૨.

અરજદારોઃ	૧.૦	મર્હુમ અભાજી મોતીજીના વારસદારો,
	૧/૧	ચંપાબેન અભાજી,
	૧/૨	ભીખીબેન અભાજી,
	૧/૩	કેદારસિંહ અભાજી,
	૧/૪	ઉમેદસિંહ અભાજી,
	૧/૫	મહોબતસિંહ અભાજી,
		તમામ રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઇ, જી.અમદાવાદ. ***(મુળ અરજદાર–અભાજી મોતીજી ચાલુ કામે મરણ જતાં આંક–૧૫ ની અરજી તળેના હુકમ મુજબ અરજદારના વારસો અંગે ઉપરોક્ત સુધારો કરેલ છે.)***

એલ.એ.આર. નંબરઃ ૧૮૭/૨૦૧૨.

અરજદારઃ		મનુભાઇ ગોરધનભાઇ પટેલ, રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઇ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૧૮૮/૨૦૧૨.

અરજદારઃ		વિનુભાઇ સોમાભાઇ પટેલ, રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઇ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૧૮૯/૨૦૧૨.

અરજદારોઃ	૧.૦ ૧/૧ ૧/૨ ૧/૩ ૧/૪	મર્હુમ સરતાનભાઇ હમીરભાઇના વારસદારો, મેનાબેન સરતાનભાઇ, દશરથભાઇ સરતાનભાઇ, રતનબેન સરતાનભાઇ, જતનબેન સરતાનભાઇ, તમામ રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઇ, જી.અમદાવાદ. ***(મુળ અરજદાર–સરતાનભાઇ હમીરભાઇ ચાલુ કામે મરણ જતાં આંક–૧૮ ની અરજી તળેના હુકમ મુજબ અરજદારના વારસો અંગે ઉપરોક્ત સુધારો કરેલ છે.)***

એલ.એ.આર. નંબરઃ ૧૯૦/૨૦૧૨.

અરજદારોઃ	૧.૦ ૧/૧ ૧/૨ ૧/૩ ૧/૪	મર્હુમ ઓધારભાઇ હમીરભાઇના વારસદારો, મંગુબેન ઓધારભાઇ, રાજેશભાઇ ઓધારભાઇ, રેખાબેન ઓધારભાઇ, રીપ્પલબેન ઓધારભાઇ, તમામ રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઇ, જી.અમદાવાદ. ***(મુળ અરજદાર–ઓધારભાઇ હમીરભાઇ ચાલુ કામે મરણ જતાં આંક–૧૭ ની અરજી તળેના હુકમ મુજબ અરજદારના વારસો અંગે ઉપરોક્ત સુધારો કરેલ છે.)***

એલ.એ.આર. નંબરઃ ૧૯૧/૨૦૧૨.

અરજદારઃ		ભીખાજી સબુરજી, રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઇ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૧૯૨/૨૦૧૨.

અરજદારઃ		મેલાજી જેણાજી, રહે.ઉન્દ્રેલ , તા.દસક્રોઇ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૧૯૩/૨૦૧૨.

અરજદારઃ		બેચરજી રૂમાલજીના વારસ હુંકાજી બેચરજીના વારસ કાંતાબેન હુંકાજી બેચરજી, રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૧૯૪/૨૦૧૨.

અરજદારોઃ	 ૧.૦ ૨.૦	શીવાજી રૂમાલજીના વારસ મહોતજી શીવાજી, ઉદાજી શીવાજી, રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૧૯૫/૨૦૧૨.

અરજદારઃ		ગાંડાજી મથુરજી, રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૧૯૬/૨૦૧૨.

અરજદારોઃ	૧.૦ ૨.૦	કુલાજી છોટાજી, રમણજી આતાજી, રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૧૯૭/૨૦૧૨.

અરજદારઃ		સોમાજી ધુળાજી, રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૧૯૮/૨૦૧૨.

અરજદારઃ		ચંદુજી કાળાજી, રહે. ઉન્દ્રેલ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૧૯૯/૨૦૧૨.

અરજદારઃ		પ્રવિણભાઈ ડાહ્યાભાઈ પારેખ, રહે. ઉન્ઢેલ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૨૦૦/૨૦૧૨.

અરજદારઃ		શનાજી મોહનજી, રહે. ઉન્ઢેલ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ.

-: વિરૂધ્ધ :-

સામાવાળાઓ:	૧.૦	મે. ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા યોજના એકમ-૨, નર્મદા યોજના વસાહત, કર્ણાવતી કલ્બની સામે, વેજલપુર, અમદાવાદ.
	૨.૦	કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા નિગમ લી., નર્મદા યોજના નહેર, વિ. નં.૩, મુ.કપડવંજ, જી.ખેડા.

બાબતઃ		જમીન સંપાદન ધારો,૧૮૯૪ ની કલમ-૧૮ મુજબ રેફરન્સ કરવા માટેની અરજી.

તમામ એલ.એ.આર. કેસોમાં અરજદાર તર્ફે વિ.વ.શ્રી	સી.એ.રાઠોડ.
તમામ કેસોમાં સામાવાળા નં.૧ તર્ફે વિ.વ.શ્રી	એસ.બી.પટેલ.
તમામ કેસોમાં સામાવાળા નં.૨ તર્ફે વિ.વ.શ્રી	વી.કે.જાની.

જ જ મે ન્ટ

(૧.૦) પ્રસ્તુત કામે ખાસ જમીન સંપાદન અધિકારી (નર્મદા યોજના), અમદાવાદ દ્વારા એલ.એ.કયુ. કેસ નં.૫૧/૨૦૦૭ ના કામે તા.૧૫/૦૪/૨૦૧૦ ના રોજ જાહેર કરેલ એવોર્ડથી નારાજ થઈ, અરજદારો દ્વારા ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીને કોર્ટમાં

રેફરન્સ કરવા અરજીઓ કરતાં, તે અરજીઓ અનુસંધાને, ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, અમદાવાદ દ્વારા હાલના લેન્ડ રેફરન્સ કેસો જમીન સંપાદન ધારાની કલમ–૧૮ મુજબ રેફરન્સ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

(૧.૧) આ કામના અરજદારોએ તેમની રેફરન્સ કરવા માટેની અરજીઓમાં મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, ખાસ જમીન સંપાદન અધિકારીએ તેઓની સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાની મોજે ઉન્ડ્રેલ, તા.દસક્રોઇ, જી.અમદાવાદની સીમની, તેઓની અરજીઓમાં દર્શાવેલ જમીનો, નર્મદા યોજનાની ભાવડા ઉન્ડ્રેલ ડાયરેક્ટ પ્રશાખાની નહેરના બાંધકામના જાહેર હેતુ માટે જમીન સંપાદન કાયદા અન્વયે કાયમી ધોરણે સંપાદન કરેલ છે અને સંપાદન અધિકારીએ તેઓની સંપાદિત થયેલ જમીન અંગે પ્રતિ ચો.મી. ના માત્ર રૂા.૩.૭૭/– લેખે વળતરની રકમ ચૂકવેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેઓની સંપાદિત જમીનો ઘણી ફળદ્રુપ છે અને તેમાં બારેમાસ સિંચાઇની વ્યવસ્થા આવેલ હતી અને તેઓ આધુનીક પદ્ધિતીથી ખેતી કરી વાર્ષિક ત્રણ પાક જેવા કે શાકભાજી, તમાકુ, ઘઉં, ડાંગર, રાયડો, બટાટા, એરંડા વિગેરે પકવતા હતા. વધુમાં જણાવેલ છે કે, સદર જમીનની પોટેન્શીયલ વેલ્યુ વધારે હોવા છતાં તે બીન ખેતીના ઉપયોગમાં આવે તેમ છતાં એવોર્ડમાં તે ધ્યાનમાં લેવામાં આવેલ નથી અને ખેતીની જમીનનું ઓછુ વળતર ઠરાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, સંપાદિત જમીનો વિકસીત ઔધોગીક વિસ્તારની નજીક આવેલી છે અને ભવિષ્યમાં બિન ખેતી વિષયક ઉપયોગ થાય તેમ છે તેમજ વિકાસ પામેલા ક્ષેત્રમાં આવેલી હોઇ ગામમાં એસ.ટી., ટેલીફોન, સ્કુલ પાકા રોડ, બેન્ક, તમાકુની ખળી, સો મીલ, લઘુઉધોગ કારખાના તથા સહકારી મંડળી, દુધ મંડળી, રેલ્વે વિગેરેની સેવાઓવાળા વિસ્તારમાં આવેલી છે. વધુમાં જણાવેલ છે કે, સદરહું જમીનની બજાર કિંમત ધ્યાનમાં લેવામાં આવેલી નથી અને નિપુર્ણ વેલ્યુઅર્સ મારફતે વેલ્યુએશન કરવામાં આવેલ નથી. વધુમાં, અરજદારોએ

તેમની અરજીઓમાં ખાસ જમીન સંપાદન અધિકારી દ્વારા એવોર્ડ કરી, તેઓને જે રકમ વળતર તરીકે ચૂકવેલ છે, તે વળતર તદ્દન ઓછુ, અયોગ્ય અને અપૂરતૂ હોવાનું જણાવી, તેઓને તેમની સંપાદન થયેલ સદર જમીન અંગે, પ્રતિ ચો.મી.ના રૂા.૩૦૦/– લેખે વળતર અપાવવા માંગણી કરેલ છે. તેમજ, સદર વળતરની રકમ ઉપર નિયમ મુજબના અન્ય લાભો, વ્યાજ સહિત અપાવવા અરજ કરેલ છે.

(૨.૦) આ કામે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા યોજના, અમદાવાદ નાએ મોજે ગામ ઉન્ઢ્રેલ, તા.દસક્રોઇ, જી.અમદાવાદ મુકામે આવેલી, અરજદારોની નીચે મુજબની જમીનો એલ.એ.ક્યુ. કેસ નં.૫૧/૨૦૦૭ ના કામે નર્મદા યોજનાની ભાવડા ઉન્ઢ્રેલ ડાયરેક્ટ પ્રશાખાની નહેરના બાંધકામના જાહેર હેતુ માટે કાયમી ધોરણે સંપાદન કરેલ છે.

અનુ. નંબર	**એલ.એ.આર. કેસ નંબર**	**બ્લોક નંબર**	**સર્વે નંબર**	**સંપાદિત થયેલ જમીનનું માપ/ક્ષેત્રફળ હે.–આરે–ચો.મી.**
૧	૧૮૨/૨૦૧૨	૬૮૯	૪૫૩	૦.૦૩.૩૬ ચો.મી.
૨	૧૮૩/૨૦૧૨	૬૮૮	૪૫૨	૦.૦૪.૯૨ ચો.મી. ૦.૦૫.૪૦ ચો.મી. ——————————— ૦.૧૦.૩૨ ચો.મી.
૩	૧૮૪/૨૦૧૨	૬૮૭	૪૪૮, ૪૪૯, ૪૫૦/૧,૨, ૪૪૭/૧	૦.૧૬.૮૦ ચો.મી. ૦.૦૬.૯૬ ચો.મી. ——————————— ૦.૨૩.૭૬ ચો.મી.
૪	૧૮૫/૨૦૧૨	૩૨૨	૨૪૫ ૨૫૦	૦.૦૯.૩૮ ચો.મી. ૦.૦૯.૦૦ ચો.મી. ——————————— ૦.૧૮.૩૮ ચો.મી.

૫	૧૮૬/૨૦૧૨	૬૮૫	૪૪૦/૧,૨	૦.૧૭.૨૯ ચો.મી.
૬	૧૮૭/૨૦૧૨	૬૭૮	૪૩૨/૧, ૪૩૩/૪, ૪૩૪/૧,૨, ૪૩૬/૧,૨, ૪૩૭/૩	૦.૧૧.૫૫ ચો.મી.
૭	૧૮૮/૨૦૧૨	૬૭૫	૪૩૮/૧,૨, ૪૩૭/૧,૨,	૦.૧૪.૫૮ ચો.મી.
૮	૧૮૯/૨૦૧૨	૩૧૯	૨૪૬/૧	૦.૦૪.૯૦ ચો.મી.
૯	૧૯૦/૨૦૧૨	૩૧૯	૨૪૬/૧	૦.૦૪.૬૨ ચો.મી.
૧૦	૧૯૧/૨૦૧૨	૨૮૬	૨૪૭/૨, ૨૪૭/૩,	૦.૦૪.૬૨ ચો.મી. ૦.૦૩.૭૧ ચો.મી. ----------- ૦.૦૮.૩૩ ચો.મી.
૧૧	૧૯૨/૨૦૧૨	૨૮૨	૨૩૧	૦.૧૫.૫૪ ચો.મી.
૧૨	૧૯૩/૨૦૧૨	૨૬૬	૨૨૯/૧,૨	૦.૧૬.૦૦ ચો.મી.
૧૩	૧૯૪/૨૦૧૨	૨૬૬	૨૨૯/૧,૨	૦.૧૨.૧૬ ચો.મી.
૧૪	૧૯૫/૨૦૧૨	૨૬૩	૨૧૮/૧	૦.૦૨.૭૨ ચો.મી.
૧૫	૧૯૬/૨૦૧૨	૨૬૩	૨૧૮/૧	૦.૦૭.૪૯ ચો.મી.
૧૬	૧૯૭/૨૦૧૨	૨૪૯	૨૧૮/૨	૦.૦૬.૭૫ ચો.મી.
૧૭	૧૯૮/૨૦૧૨	૨૪૯	૨૧૮/૨	૦.૦૨.૮૫ ચો.મી.
૧૮	૧૯૯/૨૦૧૨	૬૮૬	૪૪૧	૦.૦૪.૪૦ ચો.મી. ૦.૦૩.૫૨ ચો.મી. ---------- ૦.૦૭.૯૨ ચો.મી.
૧૯	૨૦૦/૨૦૧૨	૨૬૭	૨૩૦	૦.૧૪.૮૪ ચો.મી.

(૩.૦) અરજદારોની અરજી અંગે સામાવાળાઓને પ્રોસેસ બજી જતાં સામાવાળાઓ પૈકી સામાવાળા નં.૨ દ્વારા આંક-૧૨ થી લેખિત જવાબ રજુ કરવામાં

આવેલ છે. જ્યારે, સામાવાળા નં.૧ તર્ફે તેઓ સામાવાળા નં.૨ નો જવાબ એડોપ્ટ કરે છે તેવી આંક–૧૬ થી પુરસીસ આપેલ છે. આ કામે સામાવાળા નં.૨ નો જવાબ ધ્યાને લેતાં, તેમના તર્ફે અરજદારોની અરજી અંગે મુખ્યત્વે એવી તકરાર લેવામાં આવેલ છે કે, અરજદારોની અરજીમાં જણાવેલ હકીકતો ખોટી તેમજ ઉપજાવી કાઢેલ છે. વધુમાં જણાવેલ છે કે, જમીન સંપાદન અધિકારીએ જે એવોર્ડ કરેલ છે તે સદર ગામની જમીનના લોકેશન, આજુબાજુના ગામોની જમીનોના ભાવ, ગામના વિકાસ તથા સગવડતાઓને ધ્યાનમાં રાખીને જાહેર કરવામાં આવેલ છે અને તે આધારે સંપાદિત જમીનની બજાર કિંમત નક્કી કરવામાં આવેલ છે. આમ, ખાસ જમીન સંપાદન અધિકારી દ્વારા સંપાદિત જમીન અંગેનો જે ભાવ નક્કી કરવામાં આવેલ છે અને એવોર્ડ જાહેર કરવામાં આવેલ છે તે વ્યાજબી અને કાયદેસરનો છે. તે તમામ સંજોગોમાં, અરજદારોની અરજી ચાલવાપાત્ર ન હોઈ, રદ કરવા વિનંતી કરેલ છે.

(૪.૦) હાલના ગૃપ લેન્ડ રેફરન્સ કેસોના, અરજદાર તર્ફે લેન્ડ રેફરન્સ કેસ નંબર ૧૮૫/૨૦૧૨ ના કામે અરજી આપી, હાલના એલ.એ.આર. કેસો એક જ ગામની જમીનો અંગેના તથા એક જ તારીખના એવોર્ડ આધારે દાખલ થયેલ હોઈ અને હાલના કેસોમાં એક સરખો જ પુરાવો રજૂ થાય તેમ હોવાથી, હાલના એલ.એ.આર. કેસો કોન્સોલીડેટ કરી, એકી સાથે ચલાવવા તથા અન્ય કેસનો પુરાવો એલ.એ.આર. કેસ નંબરઃ ૧૮૫/૨૦૧૨ માં નોંધવા અને હાલના કેસોનો નિર્ણય એક જ જજમેન્ટથી કરવા અરજી આપતાં, તે અરજી અત્રેની કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે અને એલ.એ.આર. કેસ નંબરઃ ૧૮૫/૨૦૧૨ ના કેસને મુખ્ય કેસ ગણી, તે કેસમાં ઉપરોકત અન્ય કેસનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫.૦) અરજદારો તર્ફે હાલની રેફરન્સની અરજીઓના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

(એ) મૌખિક પુરાવોઃ-

ક્રમ	આંક	વિગત
૧	૨૩	અરજદારો તર્ફે એલ.એ.આર. કેસ નં.૧૮૫/૨૦૧૨ ના અરજદાર- પ્રવિણભાઇ ડાહ્યાભાઇ પારેખની સોગંદ ઉપરની જુબાની.

(બી) દસ્તાવેજી પુરાવોઃ-

ક્રમ	આંક	વિગત
૧	૨૦	મોજે હરણીયાવ, તાલુકો દસક્રોઇ, જીલ્લો અમદાવાદના એલ.એ.આર. કેસ નં.૩૧/૨૦૧૨ ના કેસમાં અમદાવાદના મે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજશ્રીની કોર્ટ દ્વારા આપવામાં આવેલ જજમેન્ટની સર્ટીફાઇડ નકલ.
૨	૨૧	મોજે ઉન્દ્રેલ, તાલુકો દસક્રોઇ, જીલ્લો અમદાવાદના ગામના સીમાડા દર્શાવતા નકશાની ખરી નકલ.
૩	૨૨	મોજે ઉન્દ્રેલ, તાલુકો દસક્રોઇ, જીલ્લો અમદાવાદના તલાટી કમમંત્રી શ્રીએ આપેલ ગામના વિકાસનો દાખલો.

અરજદારો તર્ફે આંક-૨૪ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૬.૦) સામાવાળાઓ તર્ફે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(એ) મૌખિક પુરાવોઃ-

ક્રમ	આંક	વિગત
૧	૨૫	સામાવાળા નં.૨-શ્રી સુરેશભાઇ કોદરભાઇ પરમાર, નાયબ કાર્યપાલક ઇજનેર, નર્મદા નિગમ લી. ની સોગંદ પરની જુબાની.

આ કામે સામાવાળા નં.૧ તર્ફે આંક-૨૬ થી તથા સામાવાળા નં.૨ તર્ફે આંક-૨૭ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૭.૦) ત્યારબાદ, તમામ અરજદારો તર્ફે વિ.વ. શ્રી સી.એ.રાઠોડ દ્વારા અરજદારોની અરજીઓ તથા તેમના તર્ફે રજુ થયેલ પુરાવાઓની વિગતે આંક–૨૮ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે. જે દલીલો લેખિત સ્વરૂપે રેકર્ડ ઉપર હોય તેનું પુનરાવર્તન નિવારવાના હેતુથી અત્રે ઉલ્લેખ કરવામાં આવેલ નથી. પરંતુ, જે તે મુદ્દાઓની ચર્ચા વખતે તે દલીલો સંપુર્ણપણે ઘ્યાને લેવામાં આવેલ છે.

(૮.૦) આ કામે સામાવાળા નં.૧ તર્ફે વિ.એ.જી.પી. શ્રી એસ.બી.પટેલ તથા સામાવાળા નં.૨ તર્ફે વિ.વ.શ્રી વી.કે.જાની દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, અરજદારો દ્વારા હાલના રેફરન્સ કેસોમાં વધુ વળતરની જે માંગણી કરવામાં આવેલ છે, તે અયોગ્ય અને ગેરવ્યાજબી છે. જેથી, અરજદારોને તેઓની સંપાદિત જમીન માટે તેઓએ માંગેલ કિંમત મળવાપાત્ર નથી. તેમજ સરકારશ્રી તરફથી જે ચુકવણુ અગાઉ કરવામાં આવેલ છે, તે યોગ્ય છે. તે તમામ સંજોગોમાં, અરજદારોની હાલની લેન્ડ રેફરન્સ અરજીઓ મંજુર થવા પાત્ર ન હોય, રદ કરવા, સામાવાળાપક્ષે રજૂઆત કરવામાં આવેલ છે.

(૯.૦) આ કામે હાલના રેફરન્સ કેસોના ન્યાયી નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

–– <u>મુ દ્દા</u> –

1. Whether the Applicant/s proves that the compensation awarded by the Spl. Land Acquisition Officer is inadequate and not proper ?
2. Whether the Applicant/s are entitled to get additional compensation ? If yes, what amount ?
3. What order ?

(૯.૧) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક,

(૨) હકારાત્મક, આખરી હુકમ મુજબ,

(૩) હકારાત્મક, આખરી હુકમ મુજબ,

-- **<u>કા ર ણો</u>** --

(૧૦.૦) <u>મુદ્દા નં. ૧ થી ૩ –</u>

આ કામે ઉપરોક્ત મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઈ, તે મુદ્દાઓ અંગે, પુરાવાના ઉલ્લેખનું બિનજરૂરી પુનરાવર્તન અટકાવવાના હેતુથી તથા સગવડતા ખાતર તે મુદ્દાઓની ચર્ચા અત્રે એકીસાથે કરવામાં આવેલ છે.

(૧૦.૧) અરજદારો દ્વારા હાલની રેફન્સ અરજીઓ, જમીન સંપાદન કાયદાની કલમ–૧૮ મુજબ તેઓની કાયમી ધોરણે સંપાદિત થયેલ જમીનની બજાર કિંમત નક્કી કરવા માટે તથા વધુ વળતર મેળવવા માટે કરવામાં આવેલ છે, તે સંજોગોમાં, કોર્ટે સદરહું જમીનોની બજાર કિંમત નક્કી કરતી વખતે મુખ્યત્વે, જે તે સમયગાળાના સરખામણીપાત્ર જમીનના વેચાણ દસ્તાવેજો જો ઉપલબ્ધ હોય તો તેના ઉપર આધાર રાખવાનો હોય છે અગરતો, સદરહું જમીનની ઉત્પાદકતા ધ્યાને રાખીને કિંમત નક્કી કરવાની રહે છે. વધુમાં, કોર્ટ, સરખા પ્રકારની, તે જ ગામની અથવા તો, નજીકના વિસ્તારની જમીન અંગે અન્ય જમીન સંપાદનના કેસમાં, જે વળતર ચુકવવામાં આવેલ હોય, તેવા રેફરન્સ કોર્ટના ચુકાદાઓને આધાર રાખીને કિંમતની આકારણી કરી શકે છે.

(૧૦.૨) આમ, કાયમી ધોરણે સંપાદિત થયેલ જમીનની કિંમત નક્કી કરવા અંગેના ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લઈ, આ કામે રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવાઓનું, ઉભયપક્ષની ઉપરોકત દલીલો તથા જમીન સંપાદન કાયદાની વિવિધ જોગવાઈઓ

અનુસંધાને મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામે તમામ અરજદારો વતી એલ.એ.આર. કેસ નં.૧૮૫/૨૦૧૨ ના અરજદાર–પ્રવિણભાઈ ડાહ્યાભાઈ પારેખની આંક–૨૩ થી જુબાની થયેલ છે. તેઓની જુબાની ધ્યાને લેતાં, અરજદારે તેની સરતપાસની જુબાનીમાં, તેમની અરજી મુજબની તમામ હકીકતો જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, સંપાદન અધીકારી દ્વારા એવોર્ડ કરી તેમને વળતરની જે રકમ અપાવેલ છે તે ખુબજ ઓછી, અયોગ્ય, અપુર્તી છે. વધુમાં જણાવેલ છે કે, આ કામે સંપાદન થયેલ તેમની તથા બીજા ખેડુતોની જમીનો આજુબાજુમાં આવેલ છે અને તમામ જમીનોની સ્થળ સ્થિતી તથા ફળદ્રુપતા સરખી છે. વધુમાં જણાવેલ છે કે, તેઓ વૈજ્ઞાનીક પધ્ધતિથી તથા હાઈબ્રીડ બીયારણ, રાસાયણીક ખાતર તથા છાણીયા ખાતરથી ખેતી કરે છે. તેમજ તેમના ગામમાં ખેતી અંગે ટ્રેક્ટર તથા સિંચાઈ માટે ટયુબવેલ આવેલ છે. તેમજ તેમની સંપાદિત થતી જમીનો ખેતીની સમતલ પિયતની હતી અને તેમાંથી તેઓ બે થી ત્રણ પાકો જેવા કે ડાંગર, ઘઉં, દિવેલા, તમાકું, જીરુ, શાકભાજી વિગેરે લેતા હતા અને દર વર્ષે દર વિઘે ચોથા ભાગનો ખર્ચ બાદ કરતા રૂ.૬૦,૦૦૦/– ની ચોખ્ખી આવક મેળવતા હતા. વધુમાં અરજદાર દ્વારા તેની જુબાની દરમ્યાન તેમના ગામની બાજુના ગામ હરણીયાવની જમીનો નર્મદા યોજનાની નહેરના બાંધકામ માટે સંપાદન કરવામાં આવેલ હતી, તે અંગેના અમદાવાદના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજશ્રીની કોર્ટના મુખ્ય એલ.એ.આર. કેસ નં.૩૧/૨૦૧૨ ના ચુકાદા ઉપર આધાર રાખી, તે ચુકાદાની વિગતોનું વર્ણન કરી, તે ચુકાદા દ્વારા કોર્ટે હરણીયાવ ગામની જમીન અંગેનો જે ભાવ નક્કી કરેલ છે, તેને હાલના કેસોમાં આધાર તરીકે લઈ, તેમની સંપાદિત થયેલ જમીનોનો ભાવ નક્કી કરવા જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, સદર અગાઉ સંપાદન થયેલ જમીન અને આ કેસોમાં સંપાદન કરવામાં આવેલ જમીનમાં એક સરખા પાક થાય છે અને ફળદ્રુપતાની દ્રષ્ટિએ પણ સદર જમીનો સરખી છે અને સદર જમીનો નજીકમાં આવેલ છે એટલે કે તે જમીનોમાંથી શાખા નહેરોમાંથી માઈનોર નહેરો કાઢવામાં આવેલ

છે. વધુમાં જણાવેલ છે કે, તેઓનું ગામ ખુબ જ વિકસીત અને પ્રગતીશીલ છે અને તેમના ગામમાં તમામ પ્રકારની સગવડતાઓ જેવી કે લાઈટ, પાણી, પોસ્ટ ઓફીસ, સેવા સહકારી મંડળી, દુધ ઉત્પાદક સહકારી મંડળી, બાલ મંદીર, પ્રાથમીક શાળા, હાઈસ્કુલ, પ્રાઈવેટ તેમજ સરકારી દવાખાનું, બસસ્ટેન્ડ, એપ્રોચ રોડ, પાકા રોડ આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેમનું ગામ ઔડા વિસ્તારમાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેમનું ગામ સરદાર પટેલ રીંગ રોડથી ૧૦ કિ.મી. ના અંતરે આવેલ છે. તેમજ તેમના ગામમાં મોટી–મોટી ફેકટરીઓ તથા ફાર્મહાઉસ તેમજ ટેલીફોનીક સગવડતાઓ પણ આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, ઉન્ડ્રેલ ગામ અમદાવાદથી નડીયાદ/ડાકોર વાયા મહેમદાવાદ સ્ટેટ હાઈવેથી આશરે ૧૦ કિ.મી. ના અંતરે આવેલ છે. તેમજ ઉન્ડ્રેલ ગામ અમદાવાદથી ઈન્દોર નેશનલ હાઈવે વાયા કઠલાલ રોડ આશરે ૬ કિ.મી. ના અંતરે આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, ઉન્ડ્રેલ ગામના સીમાડા હરણીયાવ, ધામતવણ, હીરાપુર, રાસ્કા, વડોદ અને ભાવડા ગામના સીમાડાઓને અડીને આવેલા છે વધુમાં જણાવેલ છે કે, ઉન્ડ્રેલ ગામથી હરણીયાવ ગામ આશરે ૫ કિ.મી. ના અંતરે આવેલ છે. તેમજ ધામતવણ ગામ આશરે ૪ કિ.મી. ના અંતરે આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, હિરાપુર ગામ આશરે ૭ કિ.મી. ના અંતરે આવેલ છે તેમજ રાસ્કા અને કનીજ આશરે ૮ થી ૯ કિ.મી. ના અંતરે આવેલ છે અને તે તમામ ગામો ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, ઉન્ડ્રેલ ગામ પણ ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં આવેલ છે અને તે ગામની સીમમાં સદભાવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગોપાલ ચરણ ઈન્ડસ્ટ્રીયલ, અસ્ટ વિનાયક કંપની, બાલાજી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વિગેરે જેવી કંપનીઓ આવેલ છે. જેથી ઉન્ડ્રેલ ગામનો ખુબજ વિકાસ થયેલ છે.

(૧૦.૩) વધુમાં, અરજદારની સામાવાળાઓ તર્ફે જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતાં, અરજદારે તેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓ અન્ય ખેડુતો વતી

પણ જુબાની આપવા આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેઓ સંપાદિત થયેલ જમીનમાં ત્રણ સીઝન પાક લેતા હતા અને તેમની સરતપાસમાં જણાવ્યા મુજબના પાકો લેતા હતા. વધુમાં જણાવેલ છે કે, સદર પાક લેવામાં તેમને જે ખર્ચો થતો હતો તે અંગેના કોઈ બીલો કે તે પાક વેચાણ અંગેના કોઈ બીલો તેણે આ કામે રજુ કરેલ નથી. વધુમાં જણાવેલ છે કે, તેઓ સંપાદિત થયેલ જમીનમાંથી દર વીઘે ખર્ચ બાદ કરતા દર વર્ષે રૂા.૬૦,૦૦૦/– ની ચોખ્ખી આવક મેળવતા હતા તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. વધુમાં જણાવેલ છે કે, ઉન્ડ્રેલ ગામની આજુબાજુમાં હરણીયાવ, ધામતવણ રણોદરા અને વડોદ ગામો આવેલા છે. વધુમાં સ્વેચ્છાએ જણાવેલ છે કે, ઉન્ડ્રેલ ગામની જમીનના ભાવ હરણીયાવ ગામ કરતા વધારે છે અને ઉન્ડ્રેલ ગામ તાલુકા મથક દસ્ક્રોઈથી ૧૦ કિ.મી. તથા અમદાવાદથી ૨૨ કિ.મી. દુર થાય છે. તેમજ ઉન્ડ્રેલ ગામમાં મોટા ઉદ્યોગો અને ફેક્ટરીઓ આવેલી છે અને ઉન્ડ્રેલ ગામમાં હાલમાં આશરે ૪૦૦૦ ની વસ્તી છે. વધુમાં જણાવેલ છે કે, સંપાદિત થયેલ જમીનો સારી ફળદ્રુપતા ધરાવતી હતી તે દર્શાવવા કોઈ એક્ષપર્ટનો ઓપિનિયન આ કામે રજુ કરેલ નથી.

(૧૦.૪) વધુમાં, આ કામે સામાવાળા નં.૨ તર્ફે શ્રી સુરેશભાઇ કોદરભાઇ પરમાર, નાયબ કાર્યપાલક ઇજનેર, નર્મદા નિગમ લી. ને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે. તેણે તેમની સરતપાસની જુબાનીમાં જણાવેલ છે કે, ઉન્ડ્રેલ, તા.દસક્રોઇ, જી.અમદાવાદ તેમના કાર્યક્ષેત્રમાં આવે છે અને તે ગામની જમીનો તેણે જોયેલી છે. વધુમાં જણાવેલ છે કે, સંપાદિત થયેલ જમીન પિયતની તથા મધ્યમ કક્ષાની હતી અને તેમાં ડાંગર, ઘઉં, દિવેલ તથા શાકભાજી વિગેરે પાકો થતાં હતા અને સદર જમીન ગામ તળથી નજીકના અંતરે આવેલ હતી. વધુમાં જણાવેલ છે કે, મોજે ઉન્ડ્રેલ, તા.દસક્રોઇ, જી.અમદાવાદ ગામની વસ્તી અંદાજે ૪૦૦૦ ની છે અને તે ગામ તાલુકા મથકેથી ૭ કિલોમીટરના અંતરે આવેલ છે અને તે ગામમાં રેલ્વે સ્ટેશન કે મોટા ઉદ્યોગો કે ફેકટરી

નથી. વધુમાં જણાવેલ છે કે, ઉન્દ્રેલ ગામની તથા આજુબાજુના ગામની જમીનો એકસરખી ન હોય અને ભાવો પણ એકસરખા ન હોય. વધુમાં જણાવેલ છે કે, ખાસ જમીન સંપાદન અધિકારીએ જાહેરનામાં અગાઉના ૫ વર્ષના વેચાણના ઉતારા, જમીનની ફળદ્રુપતા, ગામનો વિકાસ અને તેની સ્થળ સ્થિતી તથા આજુબાજુના ગામની જમીનોના ભાવને ધ્યાનમાં રાખીને ઉન્દ્રેલ ગામની જમીનોનો ભાવ નક્કી કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારોએ હાલના કેસોમાં તેમની જમીનો અંગે ભાવ વધારો મેળવવા જે માંગણી કરેલ છે, તે અંગે કોઇ આધાર પુરાવો કે દસ્તાવેજો રજુ કરેલ ન હોય, તે માંગણી ખોટી અને ગેરવ્યાજબી છે. ત્યારબાદ, સદર સાહેદની અરજદારપક્ષે જે ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેની વિગતો ધ્યાને લેતાં, આ સાહેદે જણાવેલ છે કે, તેઓ હાલના રેફરન્સ કેસોવાળી જમીનો સંપાદન કરવામાં આવેલ ત્યારે સદર કચેરીમાં ફરજ બજાવતા ન હતા અને સદર જમીનોની સંપાદનની કાર્યવાહીમાં તેણે કોઈ ભાગ ભજવેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઉન્દ્રેલ ગામની બાજુમાં હરણીયાવ ગામ આવેલ છે અને તે ગામ પણ તેમની કચેરીના કાર્યક્ષેત્રમાં આવે છે. વધુમાં જણાવેલ છે કે, હરણીયાવ ગામની જમીનો અગાઉ નર્મદા કેનાલ માટે સંપાદિત થયેલ છે અને તે અંગે રેફરન્સ કોર્ટનો આંક–૨૦ નો ચુકાદો આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, નર્મદા કેનાલ હરણીયાવ ગામની જમીન માંથી પસાર થઈ તરત જ બાજુમાં આવેલ ગામ ઉન્દ્રેલ ગામની જમીનમાંથી પસાર થાય છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **હરણીયાવ ગામ તથા ઉન્દ્રેલ ગામના સીમાડા કોમન છે અને ઉન્દ્રેલ ગામ તથા હરણીયાવ ગામની જમીનો ફળદ્રુપતા તથા તેમાંથી લેવામાં આવતા પાકની દ્રષ્ટિએ સરખા પ્રકારની છે**. વધુમાં જણાવેલ છે કે, ઉન્દ્રેલ ગામ સરદાર પટેલ રીંગ રોડથી ૮ થી ૧૦ કી.મી. દુર આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેને એ વાતની ખબર નથી કે, ઉન્દ્રેલ ગામની જમીનોના ભાવ હરણીયાવ ગામની જમીનોના ભાવ કરતાં વધારે છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલના કેસમાં સંપાદિત થયેલ

ઉન્દ્રેલ ગામની જમીન ગામતળથી નજીક આવેલ જમીન છે. વધુમાં જણાવેલ છે કે, ઉન્દ્રેલ ગામને અડીને હરણીચાવ, ધામતવણ, રણોદરા અને વડોદ ગામો આવેલા છે. વધુમાં એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, ખાસ જમીન સંપાદન અધિકારી દ્વારા એવોર્ડ કરી સંપાદિત જમીન અંગે જે ભાવ નક્કી કરવામાં આવેલ છે તે ખુબ જ ઓછો, અયોગ્ય તથા ગેરવ્યાજબી છે અને અરજદાર ખેડુતોને તેમની સંપાદિત થયેલ જમીનો અંગે વધુ વળતર ચુકવવુ ન પડે તેથી તે ખોટી જુબાની આપે છે.

(૧૧.૦) આમ, રેકર્ડ પરથી તથા હાલના રેફરન્સ કેસોના કામે જમીન સંપાદન અધિકારી દ્વારા એલ.એ.ક્યુ. કેસ નં.૫૧/૨૦૦૭ ના કામે તા.૧૫/૦૪/૨૦૧૦ ના રોજ જે એવોર્ડ જાહેર કરેલ છે, તેની વિગતો પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, જમીન સંપાદન અધિકારી દ્વારા હાલના રેફરન્સ કેસોમાં સંપાદીત થયેલ જમીનોના ભાવ નક્કી કરતી વખતે, જે તે જમીનો અંગે ખેતીવાડી નિષ્ણાંતનો કે ગવર્નમેન્ટ વેલ્યુઅરનો કોઈ અભિપ્રાય મેળવવામાં આવેલ ન હતો અને માત્ર સદર એવોર્ડમાં દર્શાવેલ પાંચશાલી વેચાણ દસ્તાવેજોના ભાવની સરેરાશ કાઢી તેના ઉપર મુખ્યત્વે આધાર રાખવામાં આવેલ છે. વધુમાં, સંપાદન અધિકારી દ્વારા સંપાદિત થયેલ જમીનોનો ભાવ નિર્ધારણ અંગેનો સદર એવોર્ડ કરતી વખતે સદર પાંચશાલી વેચાણ દસ્તાવેજોના કોઈપણ પક્ષકારોને તપાસેલા હોય, તેવી કોઈ હકીકત પણ રેકર્ડ ઉપરથી જણાઈ આવતી નથી. આમ, ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી દ્વારા આધાર રાખવામાં આવેલ, જે તે જમીન લે–વેચના પાંચશાલી વહેવારો કેવા સંજોગોમાં થયેલ હતા ? તથા તે જમીનો કેવા પ્રકારની હતી ? તે અંગેનો કોઈ પુરાવો સામાવાળાપક્ષે આ કામે રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ નથી અને તે સંજોગોમાં પાંચ વર્ષના સદર વેચાણ દસ્તાવેજોના સરેરાશ ભાવ ઉપર આધાર રાખીને, ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી દ્વારા સંપાદિત થયેલ જમીનોની બજાર કિંમત અંગે સદરહું સવાલવાળો જે એવોર્ડ કરવામાં આવેલ છે, તે ભાવને આધાર તરીકે લઇ, આ

કામે સંપાદિત થયેલ જમીનોનું મૂલ્યાંકન કરવાનું, આ કોર્ટને ન્યાયોચિત જણાતું નથી. વધુમાં, આ કામે ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ, અરજદારપક્ષે પણ તેઓની સદરહું સંપાદિત થયેલ જમીનોની ખેત ઉત્પાદકતા કે આવક અંગેના કોઈ સચોટ પુરાવા આ કામે જ્યારે રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ નથી, તે સંજોગોમાં, જમીનની ઉત્પાદકતાના આધારે પણ સંપાદિત થયેલ જમીનોનું મૂલ્યાંકન કરવાનું આ કોર્ટને ન્યાયોચિત જણાતું નથી.

(૧૧.૧) આમ, આ કામે રેકર્ડ ઉપરના પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવેતો, રેકર્ડ પરથી એ હકીકત ફલીત થાય છે કે, આ કામે સંપાદિત થયેલ ઉન્ડ્રેલ ગામની સંપાદિત થયેલ જમીનો પિયતની સગવડ વાળી ફળદ્રુપ જમીનો હતી અને તે જમીનોમાંથી અરજદારો દ્વારા બે થી ત્રણ સીઝન વિવિધ પાકો લેવામાં આવતાં હતા અને સદર સંપાદિત થયેલ જમીનો ગામતળથી નજીક આવેલ જમીનો છે અને તે ગામ અમદાવાદના સરદાર પટેલ રીંગ રોડથી તથા તાલુકા મથકેથી ૧૦ કિ.મી. ના અંતરે આવેલ છે. તે તમામ સંજોગોમાં, સંપાદિત થયેલ જમીનોની સ્થળસ્થિતી, તે ગામનો વિકાસ તથા આજુબાજુનો વિકાસ તથા તે જમીનોની ભવિષ્યની વિકાસની વ્યાપક તકો ધ્યાને લેતાં, આ કામના અરજદારો તેઓની સંપાદિત થયેલ સદરહું જમીનો અંગે, ખાસ જમીન સંપાદન અધિકારી દ્વારા એવોર્ડ કરી તેમને ચુકવવામાં આવેલ વળતર કરતાં વધારે વળતર મેળવવા હક્કદાર થતા હોવાનું આ કોર્ટનું માનવું છે.

(૧૧.૨) આમ, આ કામના અરજદારો તેઓની સંપાદિત થયેલ સદરહું જમીનો અંગે વધારાનું કેટલુ વળતર મેળવવા હક્કદાર છે ? તે મુદા અંગે આ કામે અરજદારો તર્ફે રજૂ થયેલ ઉપરોકત પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવેતો, આ કામે અરજદારો તર્ફે તેમની જુબાનીમાં આંક–૨૦ થી નર્મદા કેનાલના પ્રોજેક્ટ માટે જ સંપાદન થયેલ હરણીયાવ

ગામની અગાઉ સંપાદિત થયેલ જમીનો અંગેના મુખ્ય એલ.એ.આર. કેસ નં.૩૧/૨૦૧૨ ના કામે પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજશ્રી, અમદાવાદની રેફરન્સ કોર્ટ દ્વારા તા.૨૭/૦૪/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ ચુકાદા પર આધાર રાખવામાં આવેલ છે અને તે રેફરન્સ કેસમાં રેફરન્સ કોર્ટ દ્વારા સદર સંપાદિત થયેલ ખેતીની જમીનો અંગે પ્રતિ ચો.મી. ના રૂા.૨૧૭.૬૦/- નો જે ભાવ નક્કી કરેલ છે, તેને હાલના કેસમાં આધાર તરીકે લઇ, હાલના કેસોમાં સંપાદિત થયેલ જમીનોની કિંમત નક્કી કરવા રજુઆત કરવામાં આવેલ છે. આમ, અરજદારો તર્ફે આધાર રાખવામાં આવેલ આંક-૨૦ નો મુખ્ય એલ.એ.આર. કેસ નં.૩૧/૨૦૧૨ નો તા.૨૭/૦૪/૨૦૨૨ નો ચુકાદો ધ્યાને લેતાં, તે ચુકાદો મોજે ગામ હરણીયાવ, તા.દસક્રોઇ, જી.અમદાવાદની ખેતીલાયક પિયતની જમીનો ખાસ જમીન સંપાદન અધિકારી દ્વારા એલ.એ.કયુ. કેસ નં.૧૩/૨૦૦૭ ના કામે નર્મદા કેનાલના પ્રોજેક્ટ માટે સંપાદન કરી, તે અંગેનો એવોર્ડ તા.૨૩/૧૧/૨૦૦૯ ના રોજ જાહેર કરવામાં આવેલ, તેની સામેના રેફરન્સ કેસનો ચુકાદો છે. જે ચુકાદા થકી અમદાવાદની રેફરન્સ કોર્ટ દ્વારા, તે કેસમાં સંપાદિત થયેલ હરણીયાવ ગામની પિયતની સગવડતા ધરાવતી ખેતીલાયક જમીનો અંગે, તે કેસોના કલમ-૪ ના નોટીફીકેશનની તારીખે એટલે કે તા.૨૧/૦૮/૨૦૦૭ ના રોજ, તે જમીનોનો પ્રતિ ચો.મી. નો ભાવ રૂા.૨૧૭.૬૦/- નક્કી કરવામાં આવેલ છે. વધુમાં, આ કામે વાદી તર્ફે રજુ થયેલ આંક-૨૧ ના ઉન્ડ્રેલ ગામના સીમાડા તથા હદ દર્શાવતા નકશાની વિગતો પરથી તથા આંક-૨૨ ના ઉન્ડ્રેલ ગામના તલાટી કમ મંત્રીના દાખલાની વિગતો પરથી ઉન્ડ્રેલ ગામ તથા આધાર રાખવામાં આવેલ હરણીયાવ ગામના સીમાડા એકબીજાને અડીને આવેલ હોવાની હકીકત તથા ઉન્ડ્રેલ ગામથી હરણીયાવ ગામ માત્ર ૫ કિ.મી. ના અંતરે આવેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. વધુમાં, આ અંગે અરજદાર તથા સામાવાળા નં.૨ નો ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં, તેના પરથી પણ ઉન્ડ્રેલ ગામ તથા આધાર રાખવામાં આવેલ હરણીયાવ ગામના

સીમાડા સમાન અને એકબીજાને અડીને આવેલ હોવાની હકીકત તથા ઉન્ડ્રેલ ગામની જમીનો તથા હરણીયાવ ગામની જમીનો ફળદ્રુપતા તથા તેમાંથી લેવામાં આવતાં પાકની દ્રષ્ટિએ સરખા પ્રકારની હોવાની હકીકત રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે. વધુમાં, આ કામે સામાવાળાઓ તર્ફે પણ ઉન્ડ્રેલ ગામ તથા હરણીયાવ ગામના સીમાડા અડીને આવેલ હોવાની હકીકત અંગે કોઇ તકરાર લેવામાં આવેલ નથી કે સદર બન્ને ગામોની સંપાદિત થયેલ જમીનો સરખામણીની દ્રષ્ટિએ બરાબર ન હોવા અંગેનો કે તે બન્ને જમીનોના ભાવ સરખા ન હોવા અંગેનો પણ કોઇ વિરુધ્ધનો પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી. તે તમામ સંજોગોમાં, આધાર રાખવામાં આવેલ રેફરન્સ કેસમાં સંપાદિત થયેલ હરણીયાવ ગામની જમીનો તથા હાલના કેસોમાં સંપાદિત થયેલ ઉન્ડ્રેલ ગામની જમીનો એક સરખા પ્રકારની હોવાનું અનુમાન રેકર્ડ પરથી કરી શકાય તેમ છે. વધુમાં, આ કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, આધાર રાખવામાં આવેલ ચુકાદાવાળી હરણીયાવ ગામની જમીનો પણ હાલના કેસની જેમ નર્મદા નહેરની યોજના માટે જ સંપાદન કરવામાં આવેલ છે. વધુમાં, અરજદારો તર્ફે આધાર રાખવામાં આવેલ સદર આંક–૨૦ ના ચુકાદાવાળો રેફરન્સ કેસ તથા હાલના રેફરન્સ કેસોના કલમ–૪ ના નોટીફીકેશનની તારીખો ધ્યાને લેતાં, સદર બન્ને કેસોમાં કલમ–૪ ના નોટીફીકેશનની તારીખો વચ્ચે નજીવો તફાવત હોવાની હકીકત પણ સ્પષ્ટ થાય છે. તે તમામ સંજોગોમાં, આ કોર્ટને હાલના રેફરન્સ કેસોમાં સંપાદિત થયેલ ઉન્ડ્રેલ ગામની, ખેતી લાયક પિયતની સગવડતા ધરાવતી જમીનોનો ભાવ નક્કી કરતી વખતે, અમદાવાદની રેફરન્સ કોર્ટ દ્વારા આંક–૨૦ ના ચુકાદાથી હરણીયાવ ગામની ખેતી લાયક જમીનો અંગે તા.૨૧/૦૮/૨૦૦૭ ના રોજ પ્રતિ ચો.મી. ના રૂા.૨૧૭.૬૦/– નો જે ભાવ નક્કી કરવામાં આવેલ છે, તે ભાવને આ કામે આધાર તરીકે લઇ, હરણીયાવ ગામની આ કેસોમાં સંપાદિત થયેલ જમીનોનો ભાવ નક્કી કરવાનું ઉચિત જણાય છે.

(૧૧.૩) વધુમાં, આ કોર્ટના ઉપરોક્ત તારણ અંગે, નામદાર સુપ્રિમ કોર્ટનો, **AIR 2001 SC 2424 "Thakarsibhai Devjibhai v. Executive Engineer, Gujarat"** નો ચુકાદો ધ્યાને લેતાં, તેમાં પણ ઠરાવેલ છે કે, જ્યારે બે ગામ વચ્ચેનું અંતર મુખ્ય મથકેથી સરખુ હોય અને તેવા ગામની, અગાઉ નિર્ણિત થયેલ એવોર્ડમાં સંપાદિત થયેલ જમીન અને હાલના કેસમાં સંપાદિત થયેલ જમીન સરખી જણાતી હોય તો, અગાઉ નિર્ણિત થયેલ એવોર્ડને આધાર રાખીને, હાલના કેસમાં સંપાદિત જમીનની કિંમત નક્કી કરી શકાય.

વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ, **2001 (2) GLH (U.J) 10, "Ramanbhai Prabhudas Bechardas Vs. Spl. Land Acquisition Officer"** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, *"10. It is well settled and accepted as a principle in law, that lands which are otherwise, comparable, and where the market value has been determined by a prior award, can serve as a guide and constitutes good evidence for determination of market value in subsequent and following acquisition. Furthermore, it is also accepted as a principle in law, that an increment of about 10% per annum is granted as a rise in the market value of land with the passage of time."*

વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટે **1999 (2) G.L.R. 1357 "Second Additional Special Land Acquisition Officer & Anr. vs. Chunilal Gangaram & Ors."** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, *"it is no more res integra that the decision on the Reference Court given in earlier case is relevant and material piece of evidence for the purpose of determining compensation to be awarded in other cases."*

વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે **AIR 1993 SC 225 "Lal Singh and others Vs. Union Territory of Chandigarh"** ના ચુકાદામાં પણ ઠરાવેલ છે કે,

"5. No doubt, a judgment of a court in a land acquisition case determining the market value of land in the vicinity of the acquired, lands, even though not inte partes, could be admitted in evidence either as an instance on, one from which the market value of the acquired land could be deduced or inferred"

વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટે **1998 (1) GLR 130, "Dy. General Manager, ONGC Vs. Chaturji Lalaji" reported in** ના ચુકાદામાં ઠરાવેલ છે કે**,** *"It is settled proposition of law that the award which is comparable and compatible with the lands under acquisition can be used as a basis for reaching a fair and reasonable market value".*

વધુમાં, આ કોર્ટના ઉપરોક્ત તારણને **2012 (2) GLH 318, "Mehrawal Khewaji Trust (Regd.), Faridkot and Ors. Vs. State of Punjab and Ors."** ના નામદાર નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ઉપરથી પણ સમર્થન મળે છે. તે ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે**, "સંપાદિત જમીનની બજાર કિંમત, તુલનાત્મક આદર્શોની કિંમતની સરેરાશ આધારે નહીં, પરંતુ, ઉચ્ચતર તુલનાત્મક આદર્શ (Highest exemplars) ઉપર આધાર રાખી નક્કી કરી શકાય."**

વધુમાં, આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટનો **AIR 1994 SUPREME COURT 1160 "Printers House Pvt. Ltd., M/s. v. Saiyadan"** નો ચુકાદો ધ્યાને લેતા**,** સદર ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટે પારા–૧૭ માં ઠરાવેલ છે કે**,** "Therefore, when there are several comparable sales or awards pertaining to different lands, **what is required of the Court is to choose that sale or award relating to a land which closely or nearly compares with the**

plot of land the market value of which it has to determine, and to take the price of land of such sale or award as the basis for determining the market value of the land under consideration".

(૧૧.૪) આમ, નામદાર ઉચ્ચ અદાલતો દ્વારા ઉપરોક્ત ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાંતો તથા આ કેસની ઉપરોક્ત હકીકતો ધ્યાને લેતાં, આ કોર્ટને અમદાવાદ રેફરન્સ કોર્ટના હરણીયાવ ગામની અગાઉ નર્મદા નહેરના પ્રોજેક્ટ માટે જ સંપાદિત થયેલ જમીન અંગેના મુખ્ય એલ.એ.આર. કેસ નં.૩૧/૨૦૧૨ ના આંક–૨૦ ના ચુકાદા પર આધાર રાખવાનું ઉચિત જણાય છે અને તે કેસમાં અમદાવાદ રેફરન્સ કોર્ટે, મોજે ગામ હરણીયાવ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ ની અગાઉ કાયમી ધોરણે સંપાદિત થયેલ જમીન અંગે જે ભાવ નક્કી કરેલ છે, તેને હાલના કેસમાં સંપાદિત થયેલ જમીનોના ભાવ નક્કી કરતી વખતે આધાર તરીકે લેવાનું ઉચિત જણાય છે. આમ, આ કામે રજુ થયેલ આંક–૨૦ નો અમદાવાદ રેફરન્સ કોર્ટનો સદર ચુકાદો ધ્યાને લેતાં, તે ચુકાદા પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, તે કેસમાં જમીન સંપાદન અધિનિયમની કલમ–૪ મુજબનું નોટીફીકેશન તા.૨૧/૦૮/૨૦૦૭ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું અને તે અંગેનો એવોર્ડ ખાસ જમીન સંપાદન અધિકારી દ્વારા જાહેર કરી, તે કેસમાં કાયમી ધોરણે સંપાદિત થયેલ ખેતી લાયક જમીન અંગે પ્રતિ ચો.મી. નો ભાવ રૂા.૭.૧૩/– નક્કી કરવામાં આવેલ હતો. જેની સામે તે કેસના અરજદારોએ જમીન સંપાદન કાયદાની કલમ–૧૮ મુજબ અમદાવાદ કોર્ટમાં રેફરન્સ કરતાં, અમદાવાદ રેફરન્સ કોર્ટ દ્વારા હરણીયાવ ગામની સદરહું સંપાદિત થયેલ પિયતની સગવડતા ધરાવતી ખેતી લાયક જમીનોનો જે તે કેસના કલમ–૪ ના નોટીફીકેશનની તારીખે એટલે કે તા.૨૧/૦૮/૨૦૦૭ ના રોજ પ્રતિ ચો.મી. ના **રૂા.૨૧૭.૬૦/–** નો ભાવ નક્કી કરેલ હતો. તે સંજોગોમાં, હાલના કેસમાં સંપાદિત થયેલ જમીનો અંગે, જમીન સંપાદન કાયદાની કલમ–૪ મુજબના નોટીફીકેશનની તારીખ તથા આધાર રાખવામાં આવેલ

આંક–૨૦ ના ચુકાદાની કલમ–૪ મુજબના નોટીફીકેશનની તારીખ વચ્ચેનો તફાવત ધ્યાને લેતાં, હાલના કેસમાં કલમ–૪ મુજબના નોટીફીકેશનની **તા.૧૮/03/૨૦૦૮** છે અને આધાર રાખવામાં આવેલ આંક–૨૦ વાળા ચુકાદામાં કલમ–૪ મુજબના નોટીફીકેશનની **તા.૨૧/૦૮/૨૦૦૭** છે. આમ, હાલના રેફરન્સ કેસોની કલમ–૪ મુજબના નોટીફીકેશનની તારીખ તથા આધાર રાખવામાં આવેલ આંક–૨૦ ના રેફરન્સ કેસોની તારીખ વચ્ચે કુલ ૬ માસ તથા ૨૭ દિવસ એટલે કે આશરે ૭ માસનો તફાવત જણાઈ આવે છે. તે સંજોગોમાં, સદર સમયના તફાવત અંગે આ કોર્ટને **(2009) 14 SCC 375 "Union of India v. Harpat Singh & Ors."** તથા **2008 (3) GCD 1885 (SC) "Jivanbhai Ambalal & Ors. v. Special L.A.Q. Officer & Ors."** ના ચુકાદાઓમાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા, **FIRST APPEAL NO. 3436/1998** [Coram : HONOURABLE MR. JUSTICE JAYANT PATEL, HONOURABLE MR. JUSTICE BANKIM.N.MEHTA] ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંદ્ધાત ધ્યાને લેવો જરૂરી જણાય છે. જેમાં ઠરાવેલ છે કે, "**.....It is by now well settled that the rise of market value by way of appreciation is to be considered at the rate of 10% per annum;**"

આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિંદ્ધાત ધ્યાને લેતા, આંક–૨૦ ના અમદાવાદ રેફરન્સ કોર્ટના હરણીયાવ ગામની જમીનના તા.૨૧/૦૮/૨૦૦૭ ના પ્રતિ ચો.મી. ના રૂ.૨૧૭.૬૦/– ના ભાવમાં, સદરહું ૭ માસના તફાવતના સમયગાળા માટે વાર્ષિક ૧૦ ટકાનો ભાવ વધારો ઉમેરતાં, હરણીયાવ ગામની હાલના કેસોમાં સંપાદીત થયેલ સદર ખેતીની પિયતની સગવડતા ધરાવતી જમીનોની બજાર કિંમત, આ રેફરન્સ કેસોના કલમ–૪ ના નોટીફીકેશનની તારીખે એટલે કે **તા.૧૮/03/૨૦૦૮** ના રોજ, પ્રતિ ચો.મી.ના **રૂ.૨૩૦.૨૯/–** (રૂ.૨૧૭.૬૦ + રૂ.૧૨.૬૯) થાય છે. આમ, આ કામના અરજદારો તેમની હાલના કેસોમાં સંપાદિત થયેલ ઉન્ડ્રેલ ગામની પિયતની સગવડતા ધરાવતી ખેતી લાયક જમીનો અંગે આ કેસોના

કલમ–૪ ના નોટીફીકેશનની તારીખે એટલે કે, તા.૧૮/૦૩/૨૦૦૮ ના રોજ, પ્રતિ ચો.મી.ના **રૂા.૨૩૦.૨૯/–** લેખે વળતર મેળવવા હક્કદાર હોવાનું, આ અદાલતનું નમ્રપણે માનવું છે.

(૧૧.૫) વધુમાં, આ કામના અરજદારોને તેમની સંપાદિત થયેલ ઉન્દ્રેલ ગામની સદર જમીનો અંગે પ્રતિ ચો.મી. ના **રૂા.૩.૭૭/–** લેખે અગાઉ વળતર મળી ગયેલ છે, તે સંજોગોમાં, આ રેફરન્સ કેસના અરજદારો, તેમના જે તે કેસમાં તેમની સંપાદિત થયેલ સદર ઉપરોકત જમીનો અંગે પ્રતિ ચો.મી. ના **રૂા.૨૨૬.૫૨/– {રૂા.૨૩૦.૨૯– રૂા.૩.૭૭}** લેખે વધારાનું વળતર મેળવવા હક્કદાર થતા હોવાનું ઠરાવવામાં આવે છે.

(૧૨.૦) વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે **2001 AIR (S.C) 3516**, "**Sunder V/s Union of India**" ના ચુકાદામાં એવું સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, સોલેશીયમ સહિત વળતરની રકમ ઉપર વ્યાજ ચુકવવાપાત્ર બને છે. તે સંજોગોમાં, આ કામના અરજદારો તેમને ચુકવવાપાત્ર થતી રકમ ઉપર જમીન સંપાદન કાયદાની કલમ–૨૩(૧)(એ), ૨૩(૨) અને કલમ–૨૮ ની જોગવાઈઓ મુજબ વધારાનું વળતર તથા ૩૦ ટકા સોલેશીયમ તથા આ તમામ રકમ ઉપર વ્યાજ મેળવવા હક્કદાર બને છે. તે ઉપરાંત, અરજદારો તેમની જમીનની બજાર કિંમત ઉપર ૧૨ ટકા વધારાની વળતરની રકમ તથા સોલેશીયમની રકમ મેળવવા હક્કદાર ઠરે છે.

(૧૩.૦) વધુમાં, આ કામના અરજદારો દ્વારા, સદર જમીનોનો કબજો લીધા તારીખથી, તમામ રકમ ઉપર પ્રથમ વર્ષ માટે ૯ ટકા અને બાકીના વર્ષો માટે ૧૫ ટકા લેખે, વળતરની રકમ અદા કરે ત્યાં સુધીનું વ્યાજ અપાવવા રજૂઆત કરવામાં આવેલ છે. તે રજૂઆત અંગે નામદાર સુપ્રિમકોર્ટનો **AIR 2010 Supreme court 2322** તથા **સિવિલ અપીલ નં.૮૩૪–૮૩૫/૨૦૧૭ "બલદેવજી શકરાજી ઠાકોર વિ. ગૃપ**

જનરલ મેનેજર, ઓ.એન.જી.સી. તથા અન્ય" નો તા.૨૩/૦૧/૨૦૧૭ નો ચુકાદો ધ્યાને લેતા, તે ચુકાદાના પારા–૬ તથા ૭ માં નામદાર સુપ્રિમ કોર્ટે અવલોકન કરેલ છે કે, "**In so far as award of interest is concerned from the "possession receipt" dated : 13.03.1989 emboding the terms and conditions subject to which possession was handed over by the land owner it is clear that such possession was taken and handed over pursuant to the provisions of Section 35 of the Act.** The terms and conditions of handing over of possession including the fixation of rent, therefore, would remain in force for a period of three years. **The Reference Court in its order dated : 10.05.2013 took note of the above facts and while awarding interest from the date of possession as per the rates set out in Section 34 of the Act,** had specifically directed that the amount of rent paid to the land-owners should be deducted therefrom.

7. We find no infirmity in the conclusion to the above effect as recorded by the Learned Reference Court. Accordingly, we set aside the order of the High Court in so far as interest is concerned and restore the interest awarded by the Reference Court.

આમ, ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબ, આ કામના અરજદારો પણ હાલના કેસોમાં જ્યારથી તેમની સંપાદિત થયેલ જમીનોનો કબજો લેવામાં આવેલ છે, તે તારીખથી પ્રથમ વર્ષ માટે ૯ ટકા અને ત્યારપછીના સમય માટે ૧૫ ટકા લેખે, વ્યાજ, મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૧૪.૦) આમ, ઉપરોકત તમામ સંજોગોમાં, મુદ્દા નં. ૧ તથા ૨ નો જવાબ હકારમાં આપી, અરજદારોની હાલની લેન્ડ રેફરન્સ અરજીઓ નીચે મુજબની વિગતે અંશતઃ મંજુર કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં મુદ્દા નં. ૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

--// **<u>હુકમ</u>** //--

૧. અરજદારોની હાલની રેફરન્સ અરજીઓ આથી ખર્ચ સહિત અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના અરજદારો તેમની સંપાદિત થયેલ ઉન્દ્રેલ ગામની જે તે કેસમાં સંપાદિત થયેલ સદર જમીનો અંગે વધારાની બજાર કિંમત, પ્રતિ ચો.મી. ના **રૂા.૨૨૬.૫૨/-** (અંકે રૂપિયા બસો છવીસ અને બાવન પૈસા પુરા) લેખે વધારાનું વળતર મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૩. અરજદારો, જમીન સંપાદન ધારાની કલમ-૨૩(૧-એ) હેઠળ ૧૨ ટકા લેખે વધારાની વળતરની રકમ ઉપર ભાવ વધારો મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૪. અરજદારો, સદરહું વધારાની વળતરની રકમ ઉપર કલમ-૨૩(૨) હેઠળ ૩૦ ટકા સોલેશીયમ મેળવવા માટે હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૫. અરજદારો સદરહું વધારાની તમામ વળતરની રકમ ઉપર કલમ-૨૮ મુજબનું વ્યાજ, હાલના કેસોમાં જ્યારથી તેમની સંપાદિત થયેલ જમીનોનો કબજો લેવામાં આવેલ છે, તે તારીખથી, પ્રથમ વર્ષ માટે ૯ ટકા અને ત્યારપછીના સમય માટે ૧૫ ટકા લેખે, તે વળતરની રકમ વસુલ થતાં સુધી, વસુલ લેવા માટે હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૬. અરજદારોને આપવામાં આવેલ, જમીન સંપાદન ધારાની કલમ-૨૩(૧-એ) તથા ૨૩(૨) હેઠળની વધારાની વળતરની રકમ ઉપર પણ અરજદારો ઉપર ઠરાવ્યા મુજબ વ્યાજ મેળવવા હક્કદાર બને છે.

૭. સામાવાળાઓએ અરજદારોને અરજી અંગે પ્રમાણસર ખર્ચ ચુકવી આપવું તથા પોતે પોતાનો ખર્ચ ભોગવવો.

૮. ઠરાવની એક નકલ આ ગૃપના તમામ કેસોમાં મુકવી.

૯. હુકમ મુજબ એવોર્ડ દોરવો.

હુકમ આજરોજ તારીખ–૧૩ મી, માહે–મે, સને–૨૦૨૨ ના રોજ વાંચી, સંભળાવી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૩/૦૫/૨૦૨૨

(મહેન્દ્રસિંહ ભંવરસિંહ રાઠોર)
પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ,
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર
(જજ કોડ નંબરઃ જી.જે.૦૦૮૨૭)

આર.ડી.વસાવા (પી.એ)